# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/213 Dt. 15/11/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ ખાતે ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા (ICAI) - વેસ્ટર્ન ઝોનના પ્રતિનિધિ મંડળ સાથે બેઠક મળી, બંને સંસ્થા 'સેવા સારથી પ્રોજેકટ'માં સાથે કામ કરવા સહમત થઇ

### સુરતના ઉદ્યોગકારોને લાભ થાય તે માટે AI, Start-up અને Labour Law Conclavesનું સંયુક્ત આયોજન કરવા સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઇ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે ગુરૂવાર, તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા (ICAI) - વેસ્ટર્ન ઝોન (WIRC)ના પ્રતિનિધિ મંડળ સાથે બેઠક મળી હતી. ICAI - વેસ્ટર્ન ઝોન (WIRC)ના પ્રતિનિધિ મંડળે ચેમ્બરના હોદ્દેદારો સાથે વ્યાપાર, ઉદ્યોગ તેમજ વિવિધ કાર્યક્રમો માટે એકબીજાના સહયોગ સહિત વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી.

ICAI - વેસ્ટર્ન ઝોન (WIRC) ના પ્રતિનિધિ મંડળમાં CA કેતન સૈયા (અધ્યક્ષ, WIRC, મુંબઈ), CA પિયૂષ ચાંદક (ઉપાધ્યક્ષ), CA જીનલ સાવલા (સચિવ), CA ડૉ. ફેનિલ શાહ (ખજાનચી) અને CA જીતેન્દ્ર સાગલાણી (અધ્યક્ષ, WICASA, મુંબઈ) તેમજ સુરત બ્રાંચના CA અશ્વિન ભાઉવાલા (અધ્યક્ષ), CA રાહુલ અગ્રવાલ (ઉપાધ્યક્ષ), CA શૈલેશ લાખણકિયા (અધ્યક્ષ, WICASA, સુરત), CA પ્રીતેશ શાહ (સચિવ) અને CA ચિમ્પુ લાપસીવાલા (ખજાનચી)નો સમાવેશ થાય છે.

ICAI - વેસ્ટર્ન ઝોનના પ્રતિનિધિ મંડળે ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી CA મિતીષ મોદી સાથે સુરતના ઉદ્યોગ વર્ગ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની વધતી જતી જરૂરીયાત, નાણાકીય પારદર્શિતા, કાનૂની સલાહ તેમજ ઇન્ડસ્ટ્રીઝને ભવિષ્યમાં જરૂરી સહાય અંગે ચર્ચા કરી હતી. સુરતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે સામાજિક સેવાની સાથે સાથે કોર્પોરેટ ક્ષેત્રમાં વધુ સક્રિય રીતે જોડાવાની ઉત્સુકતા પણ દર્શાવી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી CA મિતીષ મોદીના પ્રયાસોથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ICAI – વેસ્ટર્ન ઝોન દ્વારા સેવા સારથી પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી છે. ICAI – વેસ્ટર્ન ઝોનની CSR કમિટી એનજીઓ અને ચેરિટેબલ ટ્રસ્ટ માટે કાર્યરત છે. ચેમ્બર ઓફ કોમર્સની પણ CSR કમિટી છે ત્યારે બંને સંસ્થાઓની CSR કમિટી સેવાકીય કાર્યો ઉપરાંત કોર્પોરેટ વર્લ્ડ સાથેની કામગીરી સાથે મળીને કરી શકે તે માટે ચેમ્બરની CSR કમિટીને સેવા સારથી પ્રોજેકટમાં જોડવા માટે CA મિતીષ મોદીએ ICAI - વેસ્ટર્ન ઝોનના અધ્યક્ષ CA કેતન સૈયાને અનુરોધ કર્યો હતો અને તેમણે આ અંગે સકારાત્મક વલણ દાખવ્યું હતું.

CA કેતન સૈયા (અધ્યક્ષ, WIRC, મુંબઈ)એ જણાવ્યું હતું કે, ICAI – વેસ્ટર્ન ઝોન દ્વારા નજીકના સમયમાં સુરતમાં AI Conclave, Start-up Conclave અને Labour Law Conclave નું આયોજન કરવામાં આવશે. સુરતના ઉદ્યોગ સાહસિકોને વિશેષ લાભ મળે તે માટે આ તમામ કોન્લેવ SGCCI સાથે સંયુક્ત રીતે સુરતમાં આયોજિત કરવાનો તેમણે અનુરોધ કર્યો હતો, જેને ચેમ્બરના હોદ્દેદારોએ સ્વીકાર્યો હતો. આ કોન્લેવ દ્વારા ઉદ્યોગ જગતને અને પ્રોફેશનલ્સને આધુનિક ટેક્નોલોજી, સ્ટાર્ટ-અપ ઇકો સિસ્ટમ, કાનૂની બાબતો અને ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન મળશે.

SGCCI અને ICAI – WIRC વચ્ચે ભવિષ્યમાં પરસ્પર સહકાર વધારવા અંગે પણ વિગતવાર વિચાર–વિમર્શ થયો હતો. બંને સંસ્થાઓએ ‘Knowledge Partnership’ મજબૂત બનાવી, ઉદ્યોગ જગત અને વ્યાવસાયિક ક્ષેત્રને વધુ પ્રગતિશીલ બનાવવા સંયુક્ત પ્રયત્ન કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.